## હા... સાહેબ !

"સાંભળ્યુ તમે, કેવા હરામી છે. નાલાયકીનીયે હદ હોય ને."

"શું થયુ સાહેબ, કેમ આટલા બધા ગુસ્સામાં છો..? માંડીને વાત કરો તો ખબર પડે."

"જુઓને, પવિત્ર રમઝાન ઈદના દિવસે પણ પાકિસ્તાન સીમાએથી અંધાધૂંધ ગોળીબાર થયા અને આપણો એક જવાન શહીદ થયો અને બાકી હોય તો નમાઝ બાદ સેના ઉપર પથ્થરમારો થયો."

"હદ કરી નાંખી. એક દિવસ તો છોડવો જોઈએ ને. એમણે ધર્મનો પણ કોઈ આદર ના રાખ્યો."

"અલ્યા ભાઈ, આંતકવાદને કોઈ ધર્મ નથી હોતો, આંતકવાદને કોઈ જ્ઞાતિ નથી હોતી. એને તો માત્ર ભય ફેલાવી પ્રજાને ધ્રુજતી રાખવી છે."

"...પણ મને શંકા છે કે આ આંતકવાદીઓ કરે છે કે પાકિસ્તાન કરે છે...?"

"સાહેબ, જે કરતા હોય તે. આપણા જવાનો શહીદ થાય છે. આપણા નિર્દોષ નાગરિકો મોતના ભોગ બને છે. બાળકોનું શિક્ષણ અટવાય છે. બજારો બેહાલ બન્યા છે. કેવી રીતે ચલાવાય અને ક્યાં સુધી ચલાવાય..?"

"સાવ સાચી વાત છે ભાઈ. બહુ થયુ, ખુબ સહન કર્યુ. હવે સરકાર ભાજપની હોય કે કોંગ્રેસની, કાશ્મીર સમસ્યાની લડાઈ લડી લેવી જોઈએ."

"હા...હા...હા... આ અઘોષિત યુદ્ધ કરતાં ઘોષિત યુદ્ધ સારૂ. એક ઘા ને બે કટકા થાય. લડાઈ આરપારની કરવાનો સમય આવી પહોંચ્યો છે."

"હં... હું તમારી વાત સાથે સો ટકા સંમત છુ. હવે તો યુદ્ધ એજ કલ્યાણ. પક્ષાપક્ષીથી પર ઉઠીને આખા દેશે યુદ્ધ માટે તત્પર થવું પડશે અને દુનિયાને બતાવવુ પડશે ભારત એક છે, ભારત નેક છે."

"હં... સાહેબ જેને જે ભાષામાં સમજ પડતી હોય એને એ ભાષામાં જ જવાબ આપવો જોઈએ. સાચુ ને..?"

"હા, સાહેબે નોટબંધી અને જીએસટી જેવામાં જેવી હિંમત કરી એવી હિંમત કાશ્મીર સમસ્યા ઉકેલવામાં કરવી જ જોઈએ અને એ પણ રાજકીય ગણિત માંડ્યા વગર."

"હું તો માત્ર સાહેબની નહિ, પણ બધા જ પક્ષોએ રાજકીય અંચળા કાઢી, સમીકરણો છોડી, માત્ર અને માત્ર દેશ માટેના વિચારને અગ્રતા આપવી જોઈએ અને કમસે કમ આ સમસ્યામાં તો ખાસ."

"ઓહો..., તમે તો એકદમ લડાઈના મુડમાં આવી ગયા."

"પણ ક્યાં સુધી છાશ લેવા જવુ અને દોણી સંતાડવી... શાંતિ...શાંતિ... મંત્રણા...મંત્રણા... હવે તો યા હોમ કરીને પડો ફતેહ છે આગે..."

"કહેવું પડે હોં... તમારી દેશભક્તિ. રૂંવાડા ઉભા કરી દીધા."

"હાસ્તો વળી, ક્યાં સુધી રોંદણા રોવાના. આજે આટલા શહીદ થયા, ગઈકાલે આટલા થયા'તા, બહુ થયુ."

"જડબાતોડ જવાબ ભાષણમાં નહિ, સરહદ પર આપવા સરકાર તત્પર બને અને સરકારની પડખે ઉભા રહેવા પક્ષો અને પ્રજા તત્પર બને એ જ આજનો સંદેશ છે. ખરૂને...?"

"હા, સાહેબ હા... આપણે સૌ સાથે મળી ભારતનો જયઘોષ કરીએ."

'ભારત માતા કી જય..."


## ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. કુંવરજીભાઈ પટેલ

અંજલિ આપતા શબ્દો ખૂટે છે, શ્રદ્ધાંજલિ અર્પતા પુષ્પો ખૂટે છે.
કુદરતને ખજાને ખોટ પડે છે, ત્યારે માયાળુ માનવીનો ખજાનો લૂંટે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

સરદાર પટેલ સેવા સમાજ
ગાંધીનગર
પ્રમુખ - પટેલ અશોકભાઈ ચતુરભાઈ - ગાંધીનગર
ઉપપ્રમુખ - પટેલ કાલિદાસ વિઠ્ઠલભાઈ - ગાંધીનગર
ઉપપ્રમુખ - પટેલ ગોવિંદભાઈ વિઠ્ઠલભાઈ - સુઘડ
મંત્રી - ગિરીશ પટેલ - ગાંધીનગર
ખજાનચી - પટેલ રમેશભાઈ કાશીભાઈ - ગાંધીનગર
સહમંત્રી - પટેલ જગદીશકુમાર કેશવલાલ - મુબારકપુર
સહમંત્રી - પટેલ ભરતભાઈ નારણભાઈ - મુબારકપુર

Leading Shares and Stock Market Company
Staff Required at Gandhinagar
• TERMINAL OPERATOR, CASH / F&O - 2 (M)
• BACK & FRONT OFFICER ASSISTANT - 3 (M)
NISM/12th Pass & Two Wheeler prefer.
Salary no bar for night candidate @ 15,000 + Incentive
Call for Interview Timing : 9974703401

Info City Club & Resort
SUMMER DHAMAKA
@ Zaika Add spice to life
Enjoy Buffet Lunch / Dinner
300/- + 5% GST
FROM SOUP TO DESSERT
Ala-carte order 20% Discount
Group Booking of minimum 10 on buffet Lunch/Dinner @ 20 % Discount
* Offer Valid till 30th June 2018
*T&C apply
FOR MORE INFORMATION CALL
+91 99099 06372
Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar - 382009. Ph: 079 23213111/22/33/44/55.
www.infocityclub.net




પવિત્ર રમઝાન માસના રોઝા બાદ શહેરના મુસ્લિમ બિરાદરોએ શનિવારે ઈદ-ઉલ-ફિત્રનો તહેવાર મનાવ્યો હતો. ઈદ-ઉલ-ફિત્ર નિમિત્તે શહેરના સેક્ટર-૨૧માં મસ્જિદ ખાતે તથા ચરેડી ઈદગાહ ખાતે ખાસ નમાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. નમાઝ બાદ સૌએ એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદ પાઠવી હતી.

# શહેરમાં નવી જગ્યાએ અદ્યતન કોર્ટ બિલ્ડીંગ બાંધવાનુ આયોજન

### હયાત બિલ્ડીંગને અપગ્રેડ કરવાની યોજના પડતી મુકાઇ : વકીલો માટે કોર્ટ સંકુલ બહાર નિર્માણ કરાયેલા બેઠક શેડનો પણ ટુંકમાં નિકાલ કરાશે

ગાંધીનગર તા ૧૬

સે-૧૧ માં જિલ્લા ન્યાયાલયના બિલ્ડીંગને અપગ્રેડ કરવાની યોજના આખરે પડતી મુકવામાં આવી છે. કોર્ટ બિલ્ડીંગની કામગીરીને અનુલક્ષી વકીલો માટે નજીકમાં બેઠક શેડ બનાવવાનુ કામ પણ બંધ કરી દેવાયુ છે. ટુંકમાં જ કોર્ટ સંકુલ બહાર બનાવાયેલા શેડ પણ તોડી નાંખવામાં આવશે. જયારે નગરમાં અન્ય ઠેકાણે અદ્યતન કોર્ટ બિલ્ડીંગ બાંધવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં કોર્ટ બિલ્ડીંગમાં નવા વધારાના માળ બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી હતી. જયારે કોર્ટ બિલ્ડીંગમાં વધારાના ચાર માળ બાંધી જરૂરી સુવિધાઓ ઉભી કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે કોર્ટ બિલ્ડીંગને અપગ્રેડ કરવાની કામગીરીને અનુલક્ષી

● અનુસંધાન પાન-૭ પર

# ચોમાસા દરમિયાન મચ્છરોના ઉપદ્રવને ડામવા આવાસોના ધાબાની સફાઈ

### વરસાદી દિવસોને અનુલક્ષી ગંદકી અને મચ્છરોના ઉપદ્રવને ડામવા સ્ટોર્મ વોટર લાઇનની પણ સફાઇ

ગાંધીનગર તા ૧૬

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગો પર પાણીનો ભરાવો ન થાય તે માટે સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ચોમાસામાં ધાબાના ભાગે વરસાદી પાણીનો ભરવો તેમજ મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા માટે તંત્ર દ્વારા ધાબા સફાઈ હાથ ધરવામાં આવી છે.

વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે નગરમાં ચોમાસાને અનુલક્ષી પ્રિ મોનસુન કામગીરીને પુર્ણ કરવાનુ કામ હાથ ધરાયુ છે. શહેરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે વરસાદી પાણીના નિકાલની લાઈનની સફાઈ કરવામાં આવી છે. જયારે વરસાદી દિવસોમાં ગંદકી અને રોગચાળાને ડામવા માટે પણ મચ્છર ઉત્તપત્તિ સ્થાનોને ડામવા માટે અત્યારથી જ આગોતરુ આયોજન કરવામાં આવી રહયુ

● અનુસંધાન પાન-૭ પર

# ખખડી ગયેલ ટાઉનહોલમાં એસી પ્લાન્ટ ખાડે : પંખા મુકવાની નોબત

### બે વર્ષના અંતે પણ ટાઉનહોલના રીનોવેશનની યોજના અમલમાં મુકાઇ નથી : સ્થાનિક કલાસંસ્થાઓ સહીત કલારસિકોમાં પ્રબળ રોષ : શ્રોતાઓને પણ દુવિધાઓ વચ્ચે મુંઝવણ

ગાંધીનગર તા ૧૬

શહેરના ટાઉનહોલની હાલત દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. દુવિધાઓ વચ્ચે ઘેરાયેલા ટાઉનહોલમાં તમામ સુવિધાઓ ખાડે જતા કાર્યક્રમોના આયોજકો તેમજ શ્રોતાઓએ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. થોડા સમય અગાઉ જ આકરી ગરમી વચ્ચે હોલનો એ સી પ્લાન્ટ કામ ન કરતા કાર્યક્રમના આયોજકોએ તાત્કાલિક પંખા મુકાવાની ફરજ પડી હતી. ટાઉનહોલની જેમ તેના રીનોવેશનની યોજના પણ છેલ્લા બે વર્ષથી મૃત અવસ્થામાં છે. બેઠકો અને કાગળ પરના આયોજનોના અંતે પણ હોલને મરણપથારીએથી બેઠો કરવા માટે રીનોવેશનની યોજનાનો અમલ થતો નથી જેના લીધે નગરની કલાસંસ્થાઓ સહીત કલારસિકોમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો છે.

શહેરના ટાઉનહોલના રીનોવેશનના પ્રોજેકટનુ હજુ પણ ઠેકાણુ પડયુ નથી. નગરના એકમાત્ર



ટાઉનહોલમાં અવારનવાર કાર્યક્રમો યોજવામાં આવે છે.મહીનામાં મોટાભાગના દિવસોમાં ટાઉનહોલનુ બુકીંગ હોય છે. જયારે અનેક દુવિધાઓથી ઘેરાયેલા ટાઉનહોલમાં સુવિધાઓના નામે મીંડુ હોવાના લીધે કાર્યક્રમના આયોજકો અને શ્રોતાઓ બન્ને કંટાળી જાય છે. થોડા સમય અગાઉ જ ટાઉનહોલમાં નગરની સાંસ્કૃતિક સંસ્થાઓ આયોજિત એક કાર્યક્રમમાં શ્રોતાઓ ગરમીથી ત્રસ્ત થતા તાત્કાલિક કાર્યક્રમ દરમિયાન જ હોલમાં પંખા મુકવાની ફરજ પડી હતી. ટાઉનહોલનો એ સી પ્લાન્ટ છેલ્લા ઘણાં સમયથી બિનઉપયોગી હાલતમાં હોય તેવી સ્થિતિમાં છે. જયારે એ સી પ્લાન્ટના નવિનીકરણની યોજના પણ આગળ વધતી નથી. ટાઉનહોલના રીનોવેશન માટે માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ ટાઉનહોલના નવિનીકરણની યોજનાનુ હજુ ઠેકાણુ પડતુ નથી. હોલના રીનોવેશનને અનુલક્ષી સમગ્ર યોજના હજુ કાગળ પર આખરી થઈ શકી નથી. જેના લીધે છેલ્લા બે વર્ષથી મરણપથારીએ પડેલા ટાઉનહોલ માટે ભાડાની રકમ ચુકવીને પણ આયોજકોએ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. શહેરમાં વર્ષોથી સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને પ્રોત્સાહીત કરી અનેક કલાકારોને સ્ટેજ પુરુ પાડવા ઉપરાંત અનેક રાજકીય અને સામાજિક કાર્યક્રમોના આયોજન માટે કેન્દ્ર સ્થાને રહેલા ટાઉનહોલના રીનોવેશનની યોજનાને અંજામ મળતો નથી. સ્થાનિક રહીશો સહીત કલા સંસ્થાઓ અનો કલાકારોમાં પણ હોલની કંગાળ હાલતને અનુલક્ષી પ્રબળ રોષ પ્રવર્તાયો છે. ટાઉનહોલના રીનોવેશનનુ કામ ત્વરિત હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગણી પણ ઉઠવા પામી છે.

# શહેરમાં પહેલા વરસાદે ૧૨ દ્વીચક્રી વાહનો લપસ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. રોજ બરોજ ગરમીનો પારો ઉંચો થતો જાય છે. ગરમી અને બફારા વચ્ચે નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે છેલ્લા બે દિવસથી શહેરના વાતાવરણમાં અચાનક પલટા બાદ ગત મોડી રાતે વરસાદી ઝાપટું પડ્યું હતું. વરસાદી ઝાપટાને પગલે સમગ્ર શહેરમાં ઠંડક પ્રસરી ગઈ હતી. પરંતુ વરસાદી ઝાપટા સાથે જ ધુમ સ્પીડે બાઈક હંકારતા નગરમાં ૧૨ જેટલા ટુ-વ્હીલર વાહન ચાલકો સ્લીપ થઈ ગયા હતા. માર્ગ પર જઈ રહેલા વાહનો અચાનક સ્લીપ થતા વાહન ચાલકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી તેમજ વાહનોને પણ ભારે નુકશાન થવા પામ્યું હતું. જયારે કેટલાક વાહન ચાલકોએ સિવિલ હોસ્પિટલમાં અને ખાનગી દવાખાનામાં સારવાર લીધી હતી. જયારે પહેલા વરસાદમાં જ વાહનો સ્લીપ થતા અન્ય વાહન ચાલકોએ પોતાની સ્પીડમાં આપોઆપ ઘટાડો કરી દીધો હતો.

ગાંધીનગર શહેરમાં આકરી ગરમીને પગલે નાગરીકો વરસાદની રાહ જોતા હતા. ત્યારે ગત મોડીરાતે વરસાદે ડોકીયું કરતા વરસાદી ઝાપટું પડ્યું હતું. વરસાદી ઝાપટું વરસતા જ નગરમાં અનેક સમસ્યાઓ સામે આવી છે. જેમાં પહેલા વરસાદી ઝાપટામાં ટુ-વ્હીલર ચાલકો સ્લીપ થતા ચાલકોને નાનીમોટી ઈજાઓ થઈ હતી. કેટલાક વાહનચાલકોએ ગાંધીનગર સિવિલમાં તો અન્ય ઈજા પામેલા નાગરીકોએ ખાનગી દવાખાનામાં સારવાર લીધી હતી.નગરમાં ટ્રાફિકને પગલે સામાન્ય દિવસોમાં પણ બે પૈંડા પરની જીંદગી ઝોખમી બની છે ત્યારે વરસાદી માહોલમાં બે પૈંડાના વાહન ચાલકોએ ખાસ સાવચેતી રાખવાની જરુર છે. વર્ષ દરમિયાન માર્ગ પર પસાર થતા વિવિધ વાહનોના એન્જીનમાંથી ઓઈલ ટપકતા હોય છે. ત્યારબાદ વરસાદ વરસતા ઓઈલ પાણી એકઠું થતા માર્ગ પર ચીકણાહટ સર્જાતા ટુ-વ્હીલર ચાલકો સ્લીપ થતા હોય છે. ત્યારે વરસાદી સિઝનમાં દ્રિચક્રી વાહનચાલકોએ ખાસ સાવચેતી રાખવાની જરુરીયાત ઉભી થાય છે.

# વિઠ્ઠલાપુરમાં વર્ગ વિગ્રહ કરનાર સામે પગલાં લેવાશે

### ગુજરાતના ડીજીપી શિવાનંદ ઝાએ ખાતરી આપી : જીગ્નેશ મેવાણીએ સમગ્ર મામલામાં ઉંડી તપાસની માંગ કરી : બે આરોપીની ધરપકડ થઈ

અમદાવાદ,તા.૧૬

વિઠ્ઠલાપુર દલિત કાંડને લઈને રાજકીય ગરમી પણ વધી રહી છે. આ સંદર્ભમાં બે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. બીજી બાજુ આ બનાવ બન્યા બાદ દલિત નેતા અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે પહોંચી ગયા છે અને આ સમગ્રના મામલામાં તપાસની માંગ કરી છે. દલિત અત્યાચારના મામલે જીગ્નેશ મેવાણીએ ગુજરાતની સરકાર ઉપર આકરા પ્રહાર પણ કર્યા છે. બીજી બાજુ આ મામલો સપાટી પર આવ્યા બાદ હવે ડીજીપી દ્વારા પણ પ્રતિક્રિયા આપવામાં આવી છે. તેમણે કહ્યું છે કે વર્ગ વિગ્રહ કરનાર સામે પગલા લેવામાં આવશે. પીડિત પરિવારને સહાયતાની જાહેરાત પણ કરવામાં આવી છે. અત્રે નોંધનિય છે કે વિઠ્ઠલાપુર ગામમાં દલિત યુવક ઉપર કેટલાક યુવકો ઉપર કેટલાક યુવકોએ કરેલા અત્યાચાર મામલે ડીજીપીએ પત્રકાર પરિષદ યોજી હતી. પત્રકારો સાથે વાત કરતા રાજયના ડીજીપી શિવાનંદ ઝાએ આજે જણાવ્યું હતું કે સમગ્ર મુદ્દે તટસ્થાની તપાસ કરવામાં આવશે. પીડિત પરિવારને ૫૦ હજાર રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે. હજુ પણ વધારાની સહાય ચુકવવામાં આવશે. ભોગ બનેલા પરિવારજનોનું પોલીસ દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવશે. ડીજીપી શિવાનંદ ઝાએ જણાવ્યું હતું કે રાજય સરકાર આ મામલે સંવેદનશીલ છે, સમગ્ર મુદ્દે તપાસમાં કોઈ કચાસ રાખવામાં નહીં આવે. એટલું જ નહીં સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ કરનાર સામે પણ પગલા લેવામાં આવશે. આ માટે એફએસએલ ટીમની મદદ લેવામાં આવી રહી છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com